મુકેશ કુમાર, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ અને મધ્યાહન ભોજન યોજના

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯ – ૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૩૨૪૩૬
Email : - dpegujarat@yahoo.com spossam@gmail.com
**Toll Free No.1800-233-7965**

ક્રમાંક : SSA/MIS/CAL/૨૦૧૩/ ૩૭૫૫૦-૫૭૭ તા. /૦૯/૨૦૧૩

પ્રતિ,
૧. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ, જિલ્લા: અમદાવાદ, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, દાહોદ, ગાંધીનગર, જામનગર,જુનાગઢ, કચ્છ, ખેડા,નર્મદા, પંચમહાલ, પોરબંદર,રાજકોટ, સાબરકાંઠા, સુરત,સુરેન્દ્રનગર, વડોદરા
૨. શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતી : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષય:** રાજયમાં વર્ષ ૨૦૧૧થી ૧૪૮૫૬ શાળાઓમાં BOOT મોડેલ હેઠળ અમલી બનાવેલ કોમ્પ્યુટર એડેડ લર્નિંગ (CAL) અંતર્ગત ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એજયુકેશનલ ટેકનોલોજી **(GIET)** દ્વારા પ્રસારિત થયેલ ધો. ૬ થી ૮ના ઈ–કન્ટેન્ટની DVDs બાબત.
**સંદર્ભ:** અત્રેની કચેરીના વર્ક ઓર્ડર ક્રમાંક: SSAM / MIS / 2012 / 158 તા. 01/10/2012

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયમાં વર્ષ ૨૦૧૧થી ૧૪,૮૫૬ શાળાઓમાં BOOT મોડેલ હેઠળ વિવિધ એજન્સી મારફતે કોમ્પ્યુટર એડેડ લર્નિંગ (CAL) અમલી બનાવવામાં આવેલ છે. સદર શાળાઓની કોમ્પ્યુટર લેબમાં વિવિધ વિષયોના ધો. ૫ થી ૭ના ઈ–કન્ટેન્ટ અગાઉ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. વધુમાં, અત્રેની કચેરી તરફથી ઉપરોકત સંદર્ભ દર્શિત વર્કઓર્ડરથી iNDEXTb ને સોંપાયેલ કામગીરી મુજબ ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એજયુકેશનલ ટેકનોલોજી **(GIET)** દ્વારા પ્રસારિત થયેલ ધો.૬ થી ૮ના નીચે મુજબના વિષયોના ઈ–કન્ટેન્ટની DVDs પણ સદર શાળાઓની કોમ્પ્યુટર લેબના તમામ કોમ્પ્યુટર્સમાં ઈન્સ્ટોલ કરાવવા આપની જિલ્લા પ્રોજેકટ કચેરીએ પહોંચાડવામાં આવનાર છે:

| વિષય | ધોરણ | વિષય | ધોરણ |
|---|---|---|---|
| ગુજરાતી | 6 to 8 | સામાજિક વિજ્ઞાન | 6 to 8 |
| અંગ્રેજી | 6,7 | વિજ્ઞાન અને ટેકનોલોજી | 6 to 8 |
| હિન્દી | 6 to 8 | ગણિત | 6 to 8 |
| સંસ્કૃત | 6 to 8 | કોમ્પ્યુટર | 6 |
| શારીરિક શિક્ષણ | 6 | | |

આથી સદર DVDs ની ડિલીવરી લેતી વખતે નીચે જણાવેલ મુદ્દાઓ પર બિનચૂક ચકાસણી કરાવવા આથી જણાવવામાં આવે છે:

(૧) આ સાથે સામેલ પત્રક મુજબની સંખ્યામાં તાલુકાવાર બોક્ષની સંખ્યા ચકાસી ડીલીવરી લેવી. દરેક DVD સેટમાં ૨૯ ડીવીડી (૨૮ વિષયવસ્તુ ડીવીડી + ૧ ઈન્સ્ટોલેશન માહિતી ડીવીડી) અને માહિતી પુસ્તિકા સામેલ છે

(૨) ચકાસણી કરી જિલ્લા પ્રોજેકટ કચેરીએ આપના જિલ્લાની તમામ શાળાઓના બોક્ષની જિલ્લા એમઆઈએસ કો.ઓર્ડિનેટરે ડીલીવરી લઈ ડીલીવરી કરનાર એજન્સી મે. સીલીકોન કોમ્પ્યુટેકને ડીલીવરી ચલન પર સહી– સિકકા ડીલીવરીની તારીખ સાથે કરી આપવા

(૩) શનિવારે યોજાનાર મિટીંગમાં સદર ઈ–કન્ટેન્ટના ઈન્સ્ટોલેશન માટે એજન્સીના પ્રતિનિધિને તાલુકાવાર બોક્ષની સોંપણી કરવી. બોક્ષની સોંપણી અંગેની એજન્સીના પ્રતિનિધિની પહોંચ અચૂક મેળવી લેવી

(૪) સદર DVDs નો એક સેટ ફરજિયાતપણે શાળામાં ઉપલબ્ધ હોવો જોઈએ

(૫) શાળામાં ઈ–કન્ટેન્ટ DVDs ના સેટની ડિલીવરી અને તમામ કોમ્પ્યુટર્સમાં ઈન્સ્ટોલેશનની જવાબદારી જે તે અમલીકરણ એજન્સીની રહેશે તેમજ શાળામાં ડિલીવરી અને ઈન્સ્ટોલેશન અંગેનું શાળાના મુખ્ય શિક્ષકના સહી સિકકા સાથેનું આ સાથે સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર મેળવી અત્રેની કચેરીએ એજન્સીએ જમા કરાવવાનું રહેશે

કોમ્પ્યુટર એડેડ લર્નિંગ પ્રોજેકટનો મહત્તમ લાભ બાળકોને મળે અને શાળામાં કોમ્પ્યુટરનો શિક્ષણના એક માધ્યમ તરીકે ઉપયોગ કરી બાળકોના શૈક્ષણિક સ્તરમાં અભિવૃધ્ધિ થઈ શકે તે માટે જરૂરી ઉકત તમામ ઈ–કન્ટેન્ટ DVDs શાળાના તમામ કોમ્પ્યુટર્સમાં એજન્સી દ્વારા અચૂક ઈન્સ્ટોલ કરાવવા આપની કક્ષાએથી જરૂરી આદેશ, મોનિટરીંગ તથા સમીક્ષા કરવા ખાસ નોંધ લેવી.

(મુકેશ કુમાર)

**બિડાણ:**

(૧) તાલુકાવાર બોક્ષ અને શાળાઓની સંખ્યા

(૨) ડિલીવરી અને ઈન્સ્ટોલેશન પ્રમાણપત્રનો નમુનો

**નકલ રવાના:**

– તમામ બ્લોક MIS કો. ઓ. (મારફતે જિ. પ્રો. કો. ઓ.) તરફ જાણ સારૂ તેમજ ચૂસ્તપણે અમલ સારૂ.

**Copy sent to:**

(1) M/s. IL&FS Ltd., 2nd and 3rd Floor, NTBCL Building, Toll Plaza, DND Flyway, Noida – 201 301.

(2) M/s. HCL Infosystems Ltd., E-4, Sector-11, Noida – 201 301.

(3) M/s. Core Projects & Technologies, Block No.4, Sector-III, Millennium Business Park, Mahape, Navi Mumbai – 400 710.

(4) M/s. Everonn Education Ltd., 'Everonn House', Perungudi Industrial Estate, Chennai – 600 096.

**to take quick actions for delivery & installation of eContent DVDs to all the schools covered under project and submission delivery - installation certificates to this office by 10th October 2013.**

શાળા DISE કોડ: ..............................                                   જિલ્લો:....................

શાળા:.............................................                                   તાલુકો:....................

## કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ (CAL)
## અંતર્ગત
## ધો.૬થી૮ના GIET પ્રસારણ આધારિત ઈ–કન્ટેન્ટ DVDs નો સેટ મળ્યા અંગેનું અને ઈન્સ્ટોલેશન અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ધો.૬થી૮ના ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એજયુકેશનલ ટેકનોલોજી (GIET) પ્રસારણ આધારિત ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, શારીરિક શિક્ષણ, વિજ્ઞાન, ગણિત, સમાજવિદ્યા અને કોમ્પ્યુટર વિષયના ઈ–કન્ટેન્ટ DVD નો સેટ (૨૮ વિષયવસ્તુ ડીવીડી + ૧ ઈન્સ્ટોલેશન માહિતી ડીવીડી અને માહિતી પુસ્તિકા) આજ રોજ તા...../...../૨૦૧૩ ના રોજ ..........................................................................................પ્રાથમિક શાળા તાલુકો:......................જિલ્લો................ને મળેલ છે. તેમજ શાળાની કોમ્પ્યુટર લેબના તમામ કોમ્પ્યુટર્સમાં સદર ઈ–કન્ટેન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે જે તમામ કોમ્પ્યુટરમાં બરાબર ચાલે છે. જેની મેં જાતે ખાતરી કરેલ છે.

તારીખ: / /૨૦૧૩                                   શાળાના આચાર્ય/મુખ્ય શિક્ષકની

સ્થળ:                                   સહી અને સિક્કો